રજુ તારીખ : ૦૪/૦૨/૨૦૨૫

નોંધ્યા તારીખ : ૦૪/૦૨/૨૦૨૫

ફેંસલ તારીખ : ૧૯/૦૬/૨૦૨૬

---

**ઝઘડીયાના મહે. એડીશનલ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. ઝઘડીયા**

---

**ક્રિમીનલ કેસ નં. ૧૪૭/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

**આરોપી :–** રાકેશભાઈ મનજીભાઈ ભાભોર,
રહે. સુલતાનપુરા,તા.ઝઘડીયા,જી.ભરૂચ.

**આરોપ :–** **બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

---

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા**
**આરોપી તરફે વિ.વકીલ શ્રી એન.આર.પંચાલ**

---

**–: ચુકાદો :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનુ ટ્રેકટર નં. જીજે.૧૬.ડી.કે.૦૭૬૮ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તામાં રમતા મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી, બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪

મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલો જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપી સામે સમન્સ કરતાં, આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી, આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી તેઓનુ નિવેદન નોંધવામાં આવતાં, તેઓએ તેમની સામેનાં આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| અ.નં. | આંક | વિ ગ ત |
|---|---|---|
| ૧. | ૪ | ફરીયાદી કલસિંગભાઈ જામુભાઈ |
| ૨. | ૬ | સાહેદ દીતુબેન કલસિંગભાઈ |
| ૩. | ૭ | પંચ સાહેદ મયુરકુમાર મહેશભાઈ |
| ૪. | ૯ | પંચ સાહેદ રાહુલકુમાર હરેશભાઈ |
| ૫. | ૧૦ | સાહેદ લાલજીભાઈ ગોવિંદભાઈ |
| ૬. | ૧૧ | સાહેદ લીલાબેન બાદરભાઈ |
| ૭ | ૧૨ | મનોજકુમાર શ્રીયોગેન્દ્ર |
| ૮ | ૧૮ | ત.ક.અ સોમાભાઈ હાથીભાઈ |

**:–<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| અ.નં. | આંક | વિ ગ ત |
|---|---|---|
| ૧. | ૫ | ફરીયાદ |
| ૨. | ૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| ૩. | ૧૪ | મરણોત્તર પંચનામું |
| ૪. | ૧૫ | પોલીસ રીપોર્ટ |
| ૫. | ૧૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીએ પુરાવા પુરો કરવા મૌખિત વિનંતી કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ થયાનું જણાવે છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનુ ટ્રેકટર નં. જીજે.૧૬.ડી.કે.૦૭૬૮ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તામાં રમતા મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી, બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા. ૨. શું હુકમ ?

(૬) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં,

મુદ્દા.૨. આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

<u>**મુદ્દા.નં.૧ અને ૨ :–**</u>

(૭) ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ મુખ્યત્વે ભારતીય દંડ સંહિતાની કલમ બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ હોઈ સદરહું હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આ કામના આરોપીએ પોતાના કબજાનુ ટ્રેકટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તામાં રમતા મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી અકસ્માત કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે એટલે કે ઈજાના તત્કાળ કારણ તરીકે આરોપીનું બેદરકારીપુર્વકનું કૃત્ય હોવું આવશ્યક છે.

<u>**પુરાવાનું મુલ્યાંકન**</u>

(૮) ફરીયાદપક્ષે આરોપી સામે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનું તહોમત મુકેલ છે. આમ ફરીયાદપક્ષે પુરાવાથી આરોપી સામેનું તહોમત પુરવાર કરવુ પડે. ફરીયાદપક્ષના પુરાવાનું વિશ્લેષણકરીએ તો, ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૮ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી આંક–૭ થી પંચ સાહેદ મયુરભાઈ મહેશભાઈ તથા આંક–૯ થી પંચ સાહેદ રાહુલકુમાર હરેશભાઈ નાઓને તપાસવામા આવેલા છે. સદરહુ બંને પંચ સાહેદોએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા પંચનામામા સહી કર્યા સિવાયની અન્ય હકીકતોને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે. પરંતુ તેઓની ઉલતપાસમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ આંક–૮ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર પ્રસ્તુત અન્ય પુરાવાઓની પણ ચર્ચા કરવી આવશ્યક જણાઈ આવે છે. જે સંદર્ભે ફરીયાદપક્ષ

તરફે આંક–૪ થી ફરીયાદી કલસિંગભાઈ જામુભાઈ, આંક–૬ થી સાહેદ દીતુબેન કલસિંગભાઈ, આંક–૧૦ થી સાહેદ લાલજીભાઈ ગોવિંદભાઈ, આંક–૧૧ થી સાહેદ લીલાબેન બાદરભાઈ તથા આંક–૧૨ થી સાહેદ મનોજકુમાર શ્રીયોગેન્દ્ર નાઓને તપાસવામા આવેલા છે. જે પૈકી આંક–૪ થી ફરીયાદી કલસિંગભાઈ તથા આંક–૬ થી સાહેદ દિતુબેન નાઓએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા આ કામના આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોવાની અને ટ્રેકટરનો ટાયર તેઓના દિકરા વિનોદભાઈના માથામા ચઢી ગયેલ હોવાથી સ્થળ પર જ મરણ ગયેલ હોવાની ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. વધુમા સદરહુ બંને સાહેદોએ કોર્ટ રૂબરૂ આરોપીની ઓળખ કરી બતાવેલ છે. આમ, સદરહુ બંને સાહેદોનો પુરાવો જોતા તેઓના દિકરા વિનોદભાઈનુ કહેવાતા અકસ્માતમા મરણ ગયેલ હોવાની હકીકતને સમર્થન તો પ્રાપ્ત થાય છે અને સદરહુ બંને સાહેદોએ કહેવાતો અકસ્માત આ કામના આરોપીની બેદરકારીના કારણે બનેલ હોવાની હકીકતને પુરતો સમર્થન આપવાનો પણ પ્રયત્ન કરેલ છે. પરંતુ જે બનાવવાળી જગ્યાએ કહેવાતો અકસ્માત બનેલ ત્યા કાર્ય કરતા અન્ય સાહેદો કે જેઓને હાલના કામે કોર્ટ સમક્ષ તપાસવામા આવેલા છે તેઓનો પુરાવો ધ્યાને લેવો પણ એટલો જ જરૂરી બની રહે છે. હવે સદર કામે આંક–૧૦ થી સાહેદ લાલજીભાઈ, આંક–૧૧ થી સાહેદ લીલાબેન તથા આંક–૧૨ થી સાહેદ મનોજકુમાર નાઓને તપાસવામા આવેલા છે. સદરહુ તમામ સાહેદોનો પુરાવો એક સાથે જોવામા આવે તો સદરહુ તમામ સાહેદોએ તેઓના પુરાવામા જે વખતે કહેવાતો અકસ્માત થયેલ તે વખતે તેઓ બનાવ સ્થળે ઉપસ્થિત ન હતા તેવી હકીકત જણાવવાનો પ્રયત્ન કરેલ છે. વધુમા સદરહુ સાહેદોએ કહેવાતા અકસ્માતમા ફરીયાદીના દિકરા વિનોદભાઈનુ મૃત્યુ થયેલ હોવાની હકીકતને તો સમર્થન આપેલ છે. પરંતુ કહેવાતો અકસ્માત તેઓ બનાવ સ્થળે ઉપસ્થિત ન હોવાના કારણે કોની બેદરકારી બનેલ અને કહેવાતો અકસ્માત થયેલ તે સમયે અકસ્માતવાળુ વાહન ચલાવનાર આ કામના આરોપી હતા કે કેમ તે મુજબની કોઈ જ હકીકત તેઓએ તેમના સમગ્ર પુરાવામા

જણાવેલ નથી. આમ, સદરહુ તમામ સાહેદોએ તેઓના પુરાવામા કહેવાતો અકસ્માત આ કામના આરોપીના બેદકારીભર્યા ડ્રાયવીંગના લીધે થવા પામેલ હોય અથવા તો કહેવાતો અકસ્માતવાળુ વાહન આ કામના આરોપી જ ચલાવતા હોય અથવા તો તેઓએ આરોપીની ઓળખ સંબંધી કોઈ હકીકત જણાવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, સદરહુ તમામ સાહેદોએ કહેવાતો અકસ્માતવાળો બનાવ નજરે જોયેલ નથી. જેથી સદરહુ તમામ સાહેદો એ માત્ર હિયર-સે સાહેદ હોવાનુ જણાઈ આવે છે. જેથી માત્ર તેઓના મૌખિક કથનો ઉપર આધાર રાખીને આરોપી વિરૂધ્ધનુ આક્ષેપ પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી.આમ, સદરહુ સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોવાથી તેઓના પુરાવાની વિશ્વસનીયતા ઉપર આધાર રાખી શકાય નહી. આમ, ઉપરોકત તમામ સાહેદોના પુરાવાથી કોઈપણ સાહેદે આ કામના આરોપીની સ્પષ્ટપણે ઓળખ પરેડ કરી બતાવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી સદરહુ સાહેદોના પુરાવાના આધારે આ કામના આરોપીની વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી.

(૮.૧) ત્યારબાદ સદર કામે આંક-૧૮ થી તપાસવામા આવેલ ત.ક.અ ની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા બનાવવાળી જગ્યાએ સી.સી.ટીવી કેમેરા લાગેલા છે તેમજ એવા કોઈ સી.સી.ટીવીના ફુટેજ આ કામે સામેલ રાખેલ નથી તેમજ બનાવની જગ્યા પ્લાન્ટની જગ્યા છે તેમજ મરણ જનાર બાળક નાનુ હોય તેને કોઈની દેખરેખ હેઠળ રાખી શકાય નહી તેમજ તેઓની તપાસ દરમ્યાન આ બાળક કોઈની દેખરેખ હેઠળ હોય તેવુ ખુલેલ નહી તેમજ સદર કામે વાહનના માલિકનો કોઈ જવાબ લેવામા આવેલ નથી તેમજ ફરીયાદમા કે સાહેદોના નિવેદનોમા આરોપીની કદ કાઠીનુ વર્ણન કરવામા આવેલ નથી તેમજ સદર કામે આરોપીની ઓળખ પરેડ કરવામા આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાની આસપાસ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમજ સદર કામે મરણ જનારના ઓળખીતાઓને સાહેદ તરીકે લીધેલા છે તેમજ બનાવવાળી જગ્યાએ ટ્રેકટર સિવાય બીજા ટ્રક જેવા વાહનોની અવરજવર ચાલુ રહેતી હતી તેવી

હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, જો બનાવવાળી જગ્યા એ વાહનોની અવરજવર રહેતી હોય અને ત્યા સ્વતંત્ર સાહેદો મળી શકે તેવી હકીકતનો સ્વયં ત.ક.અ તેમની ઉલટતપાસમા સ્વીકાર કરતા હોય તો તે સ્થળેથી કોઈક વ્યકિતએ તો આ કામના આરોપીને પોતાના કબજાવાળુ વાહન બેદરકારીપૂર્વક ચલાવી ઈજા પામનાર સાથે અકસ્માત કરતા જોયેલ હોય. પરંતુ તપાસ કરનાર અમલદાર ધ્વારા બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકવાની સંભાવનાઓ હોવા છતા તેવા કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી તે હકીકત ફરીયાદપક્ષ સમક્ષ શંકા ઉપસ્થિતિ કરવાની સાથે ત.ક.અ ની તપાસ પર પણ શંકા ઉપસ્થિત કરે છે. વધુમા જે જગ્યાએ અકસ્માત થયેલ છે ત્યા સી.સી.ટીવી કુટેજ લાગેલ હોવા છતા ત.ક.અ એ આ કામે સી.સી.ટીવી ના કુટેજ સામેલ રાખેલ નથી. ત.ક.અ સી.સી.ટીવી કુટેજની અગત્યતા જાણતા હોવા છતા અને તેના ધ્વારા શુ ખરેખર આ કામના આરોપી જ બનાવ વખતે કહેવાતુ વાહન ચલાવતા હતા અને શું ખરેખર આ કામના આરોપીએ જ તે વાહન બેદરકારીપૂર્વક ચલાવી કહેવાતુ અકસ્માત કરેલ હતુ તે હકીકત સ્પષ્ટપણે બહાર આવી શકે તેમ હોવા છતા સી.સી.ટીવી કુટેજ આ કામે સામેલ રાખેલ નથી તો તે બાબત ત.ક.અ ની સમગ્ર તપાસ ઉપર ગંભીર શંકા ઉપસ્થિત કરે છે. વધુમા ત.ક.અ એ બનાવ સ્થળે અન્ય સ્વતંત્ર સાહેદો મળી શકવાની શકયતાઓનો સ્વયં સ્વીકાર કરેલ હોવા છતા તેઓએ માત્ર મરણ જનારના મળતીયાઓને જ સાહેદ તરીકે તપાસેલા છે તે બાબત પણ ત.ક.અ ની તપાસ ખામીયુકત હોવા તરફ સુચીત કરે છે. આમ, ઉપરોકત સમગ્ર હકીકતોના આધારે કહેવાતા અકસ્માતમા આ કામના આરોપીની જ બેદરકારી હોય તેવી સચોટ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર બહાર લાવી શકેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા ત.ક.અ ની ઉલટતપાસ જોતા આ કામના આરોપીની ઓળખ પરેડ સંબંધી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામા આવેલ હોય કે અન્ય કોઈ સાહેદોએ આરોપીની ઓળખ પરેડ કરી બતાવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.

(૯) આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પ્રસ્તુત થયેલ છે તે આરોપી વિરૂધ્ધનુ તહોમત શંકાથી પર પુરવાર કરવા માટે પર્યાપ્ત જણાઈ આવતા નથી. આરોપી વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ, સુદઢ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્ય છે પરંતુ ફરીયાદપક્ષ તેવા કોઈ સબળ,સચોટ અને સુદઢ પુરાવાઓ રજુ કરી શકેલ નથી. વધુમા રેકર્ડ ઉપરના પુરાવાથી જે જગ્યાએ અકસ્માત થયેલ તે જગ્યાએથી અન્ય નજરે જોનાર સ્વતંત્ર સાહેદો મળી શકવાની શકયતાઓને પણ નકારી શકાય તેમ નથી. વધુમા રેકર્ડ ઉપરના પુરાવાથી બનાવ સમયે વાહનની ગતિ સામાન્ય કરતા વધુ હતી તે સંદર્ભેનો પણ કોઈ સચોટ પુરાવા રજુ કરવામા આવેલ નથી. જેથી રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ સમગ્ર પુરાવાના આધારે કોઈપણ તબકકે સદર ગુનામા આરોપીની કોઈપણ પ્રકારની નિષ્કાળજી,બેદરાકારી હોવાની હકીકત માની શકાય નહી.

(૯.૧) આમ, ઉપરોકત તમામ પેરાઓમા ચર્ચા કરેલ કારણોથી સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતા હાલના કામે અકસ્માત સમયે આ કામના આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે કે બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવતા હતા અને તેઓએ મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી. વધુમા અકસ્માત સમયે અકસ્માતવાળા વાહનની ઝડપ કેટલી હતી તેવી કોઈ હકીકત પડેલ પુરાવા પરથી રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી કે અકસ્માત સમયે વાહન ચલાવનારની કંઈ બેદરકારી હતી કે જેના કારણે અકસ્માત બનવા પામેલ તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે સદર અકસ્માત સમયે આ કામના આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય અને તેના કારણે હાલનો અકસ્માતનો બનાવ બનવા પામેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ ઉપરોકત પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) આમ, સદરહુ કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. તે પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ દવારા ગુનાહિત કૃત્ય માટે આ કામના આરોપી જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી અને સ્પષ્ટ પણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કુત સમાજમાં આરોપી સામેનું તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષનો કેસ સાચો છે અને સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે. શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામ જોવામાં આવે તો

આરોપીઓ વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી.

(૯.૩) ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતા આ કેસમા આરોપી સામે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) વિ. મુજબના ગુનાનો આક્ષેપ છે. હવે, આ કામમા બી.એન.એસ. કલમ ૨૮૧ અંગે કાનુની પ્રસ્થાપિત સિધ્ધાં તોને લક્ષમા લઈએ તો, આ ગુનો પુરવાર કરવા માટે વ્યકિતની સાવધાની અને પુરતી સાવચેતીનો અભાવ હોવો તે મુખ્ય તત્વો છે. જે અકસ્માતમા પુરતી સાવચેતીનો અભાવ એટલે કે, અપેક્ષિત સાવચેતી રાખવામા ન આવે તે સિધ્ધાંત ઉપર બી.એન.એસ કલમ ૨૮૧ ની રચના કરવામા આવેલ છે. આવા ગુનામા એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામા આવે તે રીતે વર્તવાનુ તે વ્યકિત ચુકી જાય તો તે કૃત્ય બેદરકારીપૂર્વકનુ ગણાય. આ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપી પોતાના કબજાવાળુ વાહન બેદરકારીપૂર્વક કે બેફામપણે ચલાવતા હોય તે હકીકત પુરવાર કરવાની હોય છે. આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીએ પોતાના કબજાનુ ટ્રેકટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તામાં રમતા મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી ગુનો કરેલ હોવાનુ રજુ થયેલ પુરાવા પરથી ફરીયાદપક્ષ નિ:શં કપણે સાબીત કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૯.૪) વધુમા ફરીયાદપક્ષની એ ફરજ છે કે, તેણે તે સિવાય માનવાલાયક સબળ, સચોટ અને સ્વતંત્ર પુરાવો રજુ કરી આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવુ પડે. તેથી આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા અકસ્માત આ કામના આરોપીની બેદરકારીને કારણે બનવા પામેલ છે તેવુ એક પણ સાહેદોની જુબાનીથી શંકાથી પરે રહીને સ્પષ્ટ થઈ શકતુ નથી અને તેથી આ

કામના આરોપીએ પોતાના કબજાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રસ્તામાં રમતા મરણ જનાર વિનોદભાઈ કલસિંગભાઈ નાને માથા ઉપર ટ્રેકટર ચડાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપીને **બી.એન.એસ.એસની કલમ ૨૭૧(૧)** અન્વયે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન તથા જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૯–૦૬–૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**